email: citypulse@gujaratmitra.in

CITY પલ્સ

ગુજરાતમિત્ર

શુક્રવાર 16 જાન્યુઆરી, ૨૦૨૬





## જ્યાં વિકિરણો પણ સુરક્ષિત બને વડોદરાની MSMEએ રચ્યો પરમાણુ ઇતિહાસ



ત્રણ વર્ષના સઘન સંશોધન બાદ વડોદરામાં તૈયાર થયું સ્પેન્ટ ફ્યુઅલ ટ્રાન્સપોર્ટેશન કન્ટેનર



### મેક ઇન ઇન્ડિયાથી મેક ફોર ધ વર્લ્ડ સુધી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાનને સાકાર કરતી આ MSMEની સિદ્ધિ એ સાબિત કરે છે કે ભારત હવે માત્ર ઉપભોક્તા નહીં, પરંતુ અતિ સંવેદનશીલ વૈશ્વિક ટેકનોલોજીનો નિર્માતા બની રહ્યું છે.


### વડોદરા માટે ગૌરવની ક્ષણ

આ સિદ્ધિ વડોદરાના ઔદ્યોગિક ઇતિહાસમાં માઇલસ્ટોન સમાન છે. શહેર હવે માત્ર કેમિકલ અને એન્જિનિયરિંગ હબ નહીં, પરંતુ પરમાણુ સુરક્ષા ટેકનોલોજીનું વૈશ્વિક કેન્દ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

# "મેક ઈન ઈન્ડિયાની પરમાણુ શક્તિ : વડોદરામાં બન્યું વિશ્વનું પ્રથમ સ્પેન્ટ ફ્યુઅલ હબ"

### ત્રણ વર્ષની મહેનત

જ્યાં એક નાની ભૂલ પણ વિનાશકારી સાબિત થઈ શકે, એવા પરમાણુ ઊર્જા ક્ષેત્રમાં હવે વડોદરાનું નામ વિશ્વના ટેકનોલોજી નકશા પર ઝળહળી રહ્યું છે. ત્રણ વર્ષના અવિરત સંશોધન, ચોકસાઈ અને વૈજ્ઞાનિક શિસ્તના પરિણામે વડોદરાની એક MSMEએ ન્યુક્લિયર રિએક્ટરમાં વપરાતા અત્યંત જોખમી ફ્યુઅલ રોડ્સના સુરક્ષિત પરિવહન અને સંગ્રહ માટેના સાધનો સ્વદેશી રીતે તૈયાર કર્યા છે. આ સિદ્ધિ માત્ર ઉદ્યોગની સફળતા નહીં, પરંતુ ભારતની આત્મનિર્ભરતાનો પરમાણુ સ્તરે લેવાયેલો મોટો કૂદકો છે.




### પરમાણુ ઊર્જા પ્લાન્ટ કેવી રીતે કાર્ય કરે છે?

ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં અતિ ગરમ પાણીની વરાળથી ટર્બાઇન ફેરવાય છે અને તેનાથી વીજળી ઉત્પન્ન થાય છે. આ માટે યુરેનિયમ-૨૩૫ પર આધારિત ન્યુક્લિયર ફિશન પ્રક્રિયા ઉપયોગમાં લેવાય છે. ફ્યુઅલ રોડ્સ દ્વારા ઉત્પન્ન થતી ઊર્જા પાણી ગરમ કરે છે અને આ પ્રક્રિયા સતત નિયંત્રણ હેઠળ ચાલે છે.

### વપરાયેલા ફ્યુઅલ રોડ્સ કેમ જોખમી છે

પરમાણુ ઈંધણ તેની લાઇફ સાઇકલ પૂર્ણ કર્યા બાદ પણ અત્યંત વિકિરણ અને તાપમાન ધરાવે છે. તેથી તેને તરત જ બહાર ખસેડી શકાય નહીં. વર્ષો સુધી તે વિશેષ સુરક્ષા સાથે સંગ્રહિત રાખવું પડે છે.



### સંશોધનની મહત્વની સિદ્ધિઓ

- ♣ વિશ્વનું પ્રથમ એકમ જ્યાં ફ્યુઅલ ટ્રાન્સફર મશીન, સ્પેન્ટ ફ્યુઅલ ટ્રાન્સપોર્ટેશન કન્ટેનર અને સ્ટોરેજ રેક એક જ સ્થળે બને છે
- ♣ અગાઉ વિદેશમાંથી આયાત થતા સાધનો હવે સંપૂર્ણ સ્વદેશી રીતે તૈયાર ત્રણ વર્ષનું સતત સંશોધન અને ડિઝાઇન વેલિડેશન
- ♣ ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (NPCIL)ની માંગ અનુસાર નિર્માણ
- ♣ બોરોટેડ સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ, જે ન્યુટ્રોન એમિશનને રોકવામાં સક્ષમ
- ♣ કેન્દ્ર સરકારની વિવિધ એજન્સીઓના કઠોર પરીક્ષણોમાં સફળતા
- ♣ કુડાનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ માટે સપ્લાય તૈયાર

---

મોતીઓમાં પરોવાયેલું એક સ્વપ્ન

# વડોદરામાં સૌરાષ્ટ્રના પ્રાચીન મોતી અને ભરતકામનું પ્રથમ ગૃહ સંગ્રહાલય



સંસ્કારનગરી બરોડાએ હવે સૌરાષ્ટ્રની લુપ્ત થતી લોકકલા માટે એક અનોખું અને ભાવનાત્મક સરનામું મેળવ્યું છે. સૌરાષ્ટ્રના પ્રાચીન મોતી અને હાથ ભરતકામને સમર્પિત પ્રથમ હોમ મ્યુઝિયમ અને એક્ટિવિટી સેન્ટરના ઉદ્ઘાટન સાથે બરોડા એક ઐતિહાસિક સાંસ્કૃતિક ક્ષણનું સાક્ષી બન્યું છે. આ સંગ્રહાલય માત્ર કલાના નમૂનાઓનું પ્રદર્શન નથી, પરંતુ એક યુગ, એક પરંપરા અને અનેક સ્ત્રીઓની સર્જનાત્મકતા અને સંવેદનાનો જીવંત વારસો છે. આ સ્વપ્નની શરૂઆત લગભગ પચાસ વર્ષ અગાઉ થઈ હતી. ડૉ. ગીતા શેઠ ભટ્ટે દિલ્હી અને ગોવા જેવા શહેરોમાં સૌરાષ્ટ્રના અમૂલ્ય પ્રાચીન મોતીકામને કાપીને, બદલાવીને સસ્તા સંભારણાંમાં ફેરવાતું જોયું ત્યારે તેમને અંદરથી ઝંઝોડનારી અનુભૂતિ થઈ. ત્યાં ડૉ. ભટ્ટે તેમાં સંસ્કૃતિ, કુશળતા અને સ્મૃતિઓની વાર્તાઓ જોઈ. એ જ ક્ષણે તેમણે આ લોકકલા ને વિસ્મૃતિમાંથી બચાવવાનો સંકલ્પ લીધો. ત્રણ સદીઓ અગાઉ ઇટાલીમાંથી આફ્રિકા મારફતે સૌરાષ્ટ્ર પહોંચેલા સ્ફટિક મોતી સ્થાનિક મહિલાઓના કુશળ હાથોમાં અનોખી કલામાં રૂપાંતરિત થતા. આ મોતીકામ ફક્ત ઘરેણાં નહોતા, પરંતુ પુત્રી કે બહેનના દહેજમાં પ્રેમપૂર્વક તૈયાર કરાયેલ વારસાગત સંપત્તિ હતી. દરેક ટુકડો પરિવારની ઓળખ, સામાજિક બંધન અને ભાવનાત્મક મૂલ્યનું પ્રતિબિંબ હતો.



સ્વાતંત્ર્ય પછી ભારતમાં મોતીનું સ્થાનિક ઉત્પાદન શરૂ થતાં સામગ્રી સરળ બની, પરંતુ સાથે સાથે ઈટાલિયન મોતીની અનન્ય ચમક અને પરંપરાગત કારીગરી ધીમે ધીમે ઓછી થવા લાગી. વ્યાપારીકરણ, ઉપેક્ષા અને બદલાતા સમય સાથે આ જટિલ લોકકલા લુપ્ત થવાની કાગાર પર પહોંચી ગઈ. આ નુકસાનને અટકાવવા માટે ડૉ. ગીતા શેઠ ભટ્ટે પાંચ દશકો સુધી સૌરાષ્ટ્રના ગામડાઓમાં મુસાફરી કરી, ધીરજપૂર્વક પ્રાચીન મોતીકામ અને હાથ ભરતકામના દુર્લભ અને અસલ નમૂનાઓ એકત્રિત કર્યા. આજે તેમનો સંગ્રહ ફક્ત સંગ્રહ નથી, ૮ જાન્યુઆરીના રોજ વારસો ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બરોડામાં આ હોમ મ્યુઝિયમ અને એક્ટિવિટી સેન્ટરના દરવાજા ખુલતાં, આ જીવનભરના સ્વપ્નને કાયમી ઘર મળ્યું છે. કલાકારો, સંશોધકો, વિદ્યાર્થીઓ અને કલા રસિકો માટે ખુલ્લું અને મફત પ્રવેશ ધરાવતું આ મ્યુઝિયમ અભ્યાસ, સંશોધન અને પ્રેરણાનું કેન્દ્ર બનવાનું લક્ષ્ય ધરાવે છે.











### એક સંગ્રહાલય કરતાં વધુ

આ પહેલ એક ચળવળ છે–જે પેઢીઓ વચ્ચે સેતુ બનાવે છે અને પરંપરાગત કારીગરી માટેનો આદર ફરી જગાવે છે. જ્યારે અનેક લોક પરંપરાઓ સમય સાથે અદ્રશ્ય થઈ રહી છે, ત્યારે બરોડાનું આ હોમ મ્યુઝિયમ સંરક્ષણના દીવાદાંડી સમાન ઊભું છે–એનો સંદેશ સ્પષ્ટ છે કે જુસ્સો, દૃષ્ટિ અને સંકલ્પ હોય તો વારસો સાચવી પણ શકાય અને આગળ પણ લઈ જઈ શકાય.

# વડોપેક્સ 2026, ટપાલની દુર્લભ ટિકિટોના સંગ્રહનું પ્રદર્શન



આદિવાસી સમાજની પીઠોરા ચિત્રકલાને સમર્પિત પોસ્ટ કવરનું વિમોચન

ભારતીય ટપાલ વિભાગ દ્વારા વડોદરા જિલ્લા કક્ષાનું ટપાલ ટીકીટ પ્રદર્શન "વડોપેક્ષ-૨૦૨૬"નું આયોજન અકોટા અતિથિ ગૃહ, અકોટા, વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું. પ્રદર્શનનો ભવ્ય શુભારંભ વડોદરા રીજનના પોસ્ટમાસ્ટર જનરલ દિનેશ કુમાર શર્માના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે પદ્મ પરેશભાઈ રાઠવા, નિવૃત્ત ઈસરો વૈજ્ઞાનિક ડૉ. પુનિત દીક્ષિત, ફિલેટેલિક સોસાયટીના પ્રમુખ પ્રશાંત પંડ્યા સહિત ટપાલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ, ટપાલ ટીકીટ સંગ્રાહકો તથા મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા પોસ્ટમાસ્ટર જનરલ દિનેશ કુમાર શર્માએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજની સંસ્કૃતિ, આસ્થા અને નિષ્ઠાનું પ્રતિક એવી પીઠોરાસ ચિત્રકળાને ભારતીય ટપાલ વિભાગ દ્વારા પોસ્ટ કવર પર સ્થાન આપવું એ ચિત્રકળા તેમજ તેના ઈતિહાસ માટે ગૌરવની બાબત છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રદર્શનમાં આશરે ૮૦ જેટલી વિવિધ વિષયોને સમર્પિત ટપાલ ટીકીટોની ફ્રેમ રજૂ કરવામાં આવી છે, જે દર્શકો માટે જ્ઞાનવર્ધક સાબિત થશે. આ સાથે ફિલેટેલિક સોસાયટી સભ્યો દ્વારા વડોદરા જિલ્લાની સૌથી જુની રાવપુરા પોસ્ટ ઓફિસના મકાનની તસ્વીરને પણ ભવિષ્યમાં સ્પેશિયલ પોસ્ટ કવર તરીકે પ્રકાશિત કરવાની ઈચ્છા વ્યક્ત કરતા પોસ્ટમાસ્ટર જનરલે તેમા સંમ્મતિ દર્શાવી તેઓની માંગણીને વધાવી લીધી હતી. "વડોપેક્ષ-૨૦૨૬" પ્રદર્શનમાં અલભ્ય તથા અમૂલ્ય ટપાલ ટીકીટોના સંગ્રહ સાથે રેવેન્યુ ટીકીટો, થીમેટિક ટીકીટો, કવર સ્ટેશનરી, સ્ટેમ્પ, ઈનલેન્ડ કવર, સ્મૃતિ ચિઠ્ઠીઓ, યુઝ્ડ ચેક, ટ્રાવેલ ટીકીટ વગેરેનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.

